# GUJARAT REAL ESTATE REGULATORY AUTHORITY

# ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

Circular No. 06/2017

No. GujRERA/CIR/314/2017

Date:- 12th December 2017

## વિષય:- રેગ્યુલેશન 3B અંગેની સ્પષ્ટતાં.

ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (જનરલ) (એમેન્ડમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૭, તા.૨૪ નવેમ્બર ૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. તેમાં રેગ્યુલેશન 3B ના સબરેગ્યુલેશન (c) અને (d) સંબંધમાં કેટલીક સ્પષ્ટતાં કરવી જરૂરી હોવાથી નીચે મુજબની સ્પષ્ટતાં કરવામાં આવે છે.

૧. ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (જનરલ) (એમેન્ડમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૭ દ્વારા રેગ્યુલેશન 3B ના સબરેગ્યુલેશન (c) દ્વારા ઓનલાઈન અરજીની હાર્ડકોપી સબમીટ કરવામાં ૭ દિવસ થી વધુના વિલંબ ઉપર પ્રતિદીન રૂ. ૧,૦૦૦ /- (અંકે રૂપિયા એક હજાર) લેખે નો વિલંબીત પ્રોસેસીંગ ચાર્જ ચૂકવવાનું નિર્ધારીત કરવામાં આવેલ છે.

૨. તા.૨૪ નવેમ્બર,૨૦૧૭ પહેલાની ઓનલાઈન અરજીની હાર્ડકોપી તા. ૩૦ નવેમ્બર, ૨૦૧૭ પછી રજુ કરવામાં આવે ત્યારે ૧ ડિસેમ્બર, ૨૦૧૭ પ્રતિદીન રૂ. ૧,૦૦૦ /- (અંકે રૂપિયા એક હજાર) લેખે નો વિલંબીત પ્રોસેસિંગ ચાર્જ ચૂકવવા પાત્ર રહેશે, જ્યારે તા. ૨૪ નવેમ્બર ૨૦૧૭ પછીની ઓનલાઈન અરજી અન્વયે દિન-૭(સાત) માં હાર્ડકોપી સુપરત કરવામાં ન આવે, ત્યારે ૮(આઠ) માં દિવસથી શરૂકરીને પ્રતિદીન રૂ. ૧,૦૦૦ /- (અંકે રૂપિયા એક હજાર) લેખે નો વિલંબીત પ્રોસેસીંગ ચાર્જ ચૂકવવા પાત્ર રહેશે.

Scanned by CamScanner

૩. વિલંબીત પ્રોસેસીંગ ચાર્જની ઓનલાઈન ચૂકવણી SBI-Collect મારફતે ગુજરાત રેરા ઓથોરીટીને ચૂકવી શકાશે. ચૂકવણી માટેની વિગતો અન્વયે SBI-Collect માં આપવાની વિગતો પૈકી મૂળ અરજી માટે રેરા પોર્ટલ પરથી મળેલ Token No. નો ઉપયોગ કરવાનો રહેશે.

૪. સુધારા રેગ્યુલેશનના, રેગ્યુલેશન 3B ના સબ રેગ્યુલેશન (d) અન્વયે રેરા ઓથોરીટીને સુપરત કરાયેલ અરજીમાં કોઈ ક્ષતી જણાય ત્યારે ઓથોરીટી તરફથી જરૂરી પૂર્તતા કરવા માટે ઈ-મેઈલ/પત્ર દ્વારા જાણ કરવામાં આવે , તેના ૭ દિવસમાં પૂર્તતા કરવાની સમય મર્યાદા નિર્ધારીત કરવામાં આવેલ છે. પૂર્તતા કરવાની સૂચના આપતા ૨(બે) ઈ-મેઈલ અન્વયેની સમય-મર્યાદા સમાપ્ત થવા છતાં જરૂરી પૂર્તતા કરવામાં નહિં આવે તો સંબંધીત અરજી પૂર્તતાના અભાવે **દફતરે કરવામાં આવશે**, અને ત્યારબાદ સંબંધીત પ્રાયોજક (પ્રમોટર) કે એજન્ટને તેમની અરજીને **પુન:જીવીત** કરવા માટે અરજી કરવાની રહેશે અને આવી અરજી સાથે નવી અરજી અન્વયે ચૂકવવા પાત્ર ફી ચૂકવવાની રહેશે.

આ પરિપત્ર ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (જનરલ) (એમેન્ડમેન્ટ) રેગ્યુલેશનના રેગ્યુલેશન 3B(c) અને (d) ના અમલની સમજુતી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, અર્થઘટનના પ્રશ્નો માટે મૂળ રેગ્યુલેશનની જોગવાઈઓ આખરી રહેશે.

કે.એલ.બચાણી

સચિવ, ગુજરાત રેરા

Scanned by CamScanner